Re-Accredited Grade 'B++' by NAAC (CGPA : 2.84) & Grade "A" by KCG (CGPA : 3.02)

શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી મહિલા કોલેજ, પોરબંદર

डॉ. विरमभाई राजाभाई गोढाणिया महाविद्यालय, पोरबंदर

UGC No. F.8-121/89 (CPP.I) Dated 14-08-1993 • BKNMU : 4102002/2016 • Sau. Uni. Code : 22005 • D.E. College Code : 73 • D.E. Grant Code : 264 • D.E. Zone Code : 94

પ્રતિ,
પ્રિન્સિપાલશ્રી,

________________
________________
________________

**વિષય :** *અમારી કોલેજમાં તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ યોજાનાર "પર્યાવરણઃ એક પુનઃ ચિંતન" વિષય અંતર્ગત રાજય કક્ષાના એક દિવસીય સેમિનારમાં આપની સંસ્થાના વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા બાબત.*

માનનીય સાહેબશ્રી,

સાદર જણાવવાનું કે, અમારી કોલેજમાં તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૮ (શનિવાર)ના રોજ યોજાનાર રાજયકક્ષાના એક દિવસીય વિદ્યાર્થી સેમીનાર ***"પર્યાવરણઃ એક પુનઃ ચિંતન"*** વિષય અંતર્ગત રાજય કક્ષાના સેમિનારમાં આપની સંસ્થાના વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા આપશ્રીને નમ્ર વિનંતી છે. આ સાથે નોંધણી ફોર્મ સામેલ છે.

વધુ વિગતો માટે કોલેજની વેબસાઈટ પર આપનું સૌનું સ્વાગત છે.

આપના ઉમદા સહકારની અપેક્ષા સાથે આભાર સહ,

પ્રા. હરિભાઈ કગથરા
(પ્રિન્સિપાલ ઈન-ચાર્જ)

**સેમિનારની વિગતો :**

**વિષય** : પર્યાવરણઃ એક પુનઃ ચિંતન
**તારીખ** : ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૮ (શનિવાર)
**સમય** : ૭:૪૦ થી ૧૨:૪૦
**સ્થળ** : ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદર
**સબ-થિમ્સ :**

૧) પર્યાવરણ અને સાહિત્ય
૨) પર્યાવરણ અને સામાજિક વિજ્ઞાન
૩) પર્યાવરણ અને વાણિજય
૪) પર્યાવરણ અને આઈ. ટી.
૫) પર્યાવરણ અને શિક્ષણ
૬) પર્યાવરણ અને ગૃહવિજ્ઞાન
૭) પર્યાવરણ અને મેનેજમેન્ટ
૮) પર્યાવરણ અને સરકારશ્રીની યોજનાઓ

M. G. Road, Opp. Khijdi Plot, Porbandar ( Gujarat – India ) 360575 Ph. (0286) 2247709 Principal : 2246866
**Web Site :** *www.drvrginstitute.org* **Email :** *drvrgodhaniaihl@rediffmail.com*

# ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદર

## રાજય કક્ષાનો એક દિવસીય વિદ્યાર્થી સેમિનાર

## ‘‘પર્યાવરણઃ એક પુનઃ ચિંતન’’

**તા. ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૮ (શનિવાર)**

## ● રજીસ્ટ્રેશન ફોર્મ ●

**વિદ્યાર્થીનું નામ** : ____________________

**વર્ગ** : ____________________

**કોલેજનું નામ** : ____________________

**સરનામું** : ____________________

____________________

____________________

____________________

**ફોન નંબર** : ____________________

**ભાષા** : ☐ ગુજરાતી ☐ હિન્દી ☐ સંસ્કૃત ☐ અંગ્રેજી

**શોધ આલેખનું શીર્ષક** : ____________________

____________________

____________________

____________________

____________________

**ફીની વિગત** : ફી રૂા. ૧૦૦/- નીચે મુજબ જમા કરાવી શકાશે.
(સંકુલના વિદ્યાર્થીઓ એકાઉન્ટ ઓફિસમાં ફી રોકડમાં જમા કરાવી શકશે.)

**ડ્રાફ્ટ / ચેક** : ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ ફી એકાઉન્ટ, પોરબંદરના નામે કઢાવવાનો રહેશે.

### ઓનલાઈન બેંકિંગ માટેની વિગતો

બેંકનું નામ : **બેન્ક ઑફ બરોડા**

IFSC No : **BARB0GANPOR (FIFTH DIGIT IS ZERO)**

એકાઉન્ટ નંબર : **08660100038171**

(ચેક/ડ્રાફ્ટ તથા ઓનલાઈન બેંકિંગથી જમા કરવામાં આવેલ ફી વેરીફાય થયા પછી જ રજીસ્ટ્રેશનની કાર્યવાહી આગળ વધારવામાં આવશે)

<u>**સ્પોટ રજીસ્ટ્રેશન માટે** રૂા.૧૫૦/- રોકડમાં જમા કરવાના રહેશે.</u>

**વિદ્યાર્થીની સહી**

Re-Accredited Grade 'B++' by NAAC (CGPA : 2.84) & Grade "A" by KCG (CGPA : 3.02)

શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી મહિલા કોલેજ, પોરબંદર

डॉ. विरमभाई राजाभाई गोढाणिया महाविद्यालय, पोरबंदर

UGC No. F.8-121/89 (CPP.I) Dated 14-08-1993 • BKNMU : 4102002/2016 • Sau. Uni. Code : 22005 • D.E. College Code : 73 • D.E. Grant Code : 264 • D.E. Zone Code : 94

## ● પર્યાવરણ - એક પુનઃ ચિંતન ●

### રાજય કક્ષાનો વિદ્યાર્થી સેમિનાર

છેલ્લી કેટલીક પેઢીઓથી માનવ સમાજ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવતો થયો છે પણ બીજી તરફ પર્યાવરણ તરફના સાચા પ્રેમમાં આધુનિકતાની આંધળી દોટને કારણે ઓટ આવી રહી છે. માણસ જાણે છે, સમજે છે અને સ્વીકારે છે કે પર્યાવરણનું જતન જરૂરી છે. માણસ એ પણ જાણે છે કે આપણી વર્તમાન જીવનશૈલી અને તેના નિભાવ પાછળ પર્યાવરણનું નિકંદન નીકળી રહ્યું છે. માણસને બરાબર ખબર છે કે હવે પછીની પેઢીઓ માટે પર્યાવરણ એક પ્રાણપ્રશ્ન બની ગયેલ છે. પરંતુ આમ છતાં આપણે પર્યાવરણના જતન તરફ ઉપેક્ષા સેવી રહયા છીએ.

શું આવી જ છે આપણી કહેવાતી બુદ્ધિમતા ! પ્રશ્ન ખરેખર કયાં છે ? પ્રશ્ન શું છે ? શું આ જવાબદારી માત્ર સરકાર અને સેવાભાવી સંસ્થાઓની જ છે ? શું આ પ્રશ્ન માત્ર વિચાર અને વાતચીતનો જ વિષય છે ? શું આપણે કોઈ સચોટ કામગીરી માટે અસમર્થ છીએ ! શું પર્યાવરણને થતું નુકસાન એ આપણી સહિયારી સમસ્યા નથી ? પર્યાવરણ સામેના પડકારોને પહોંચી વળવા માટે આપણે શું કર્યું ? શું આપણી પાસે ખરેખર કોઈ વિકલ્પ નથી ! જો છે તો આપણે શા માટે તેનો અમલ કરી શકતા નથી ?

આવા અનેક પ્રશ્નો આપણે કરી ચૂકયા છીએ. આ બધા પ્રશ્નોની સામે આપણે અનેક વિચારો, ચિંતન-મનન અને સલાહપૂર્વકના અનેક જવાબો રજૂ કરી ચૂકયા છીએ પણ તેમ છતાં પર્યાવરણના જતન માટે આપણાંમાં ચીવટનો અભાવ છે. તો બીજી તરફ આ સમસ્યાઓના પ્રાપ્ય નિરાકરણો તરફ આપણે બેદરકારી દાખવીએ છીએ. હવે આજના વર્તમાન સમયમાં પર્યાવરણને થઈ રહેલું નુકસાન એક સંકટ બની ચૂકયુ છે અને આ સંકટના નિવારણ માટે આપણને જરૂર છે સકારાત્મક નક્કર કાર્યની, પરસ્પરના સહકારની, સાચી સમજદારીની અને નિષ્ઠાપૂર્વકની અમલવારીની.

આવા સમયે આવનારી પેઢી (એટલે કે આજના વિદ્યાર્થીઓ) પર્યાવરણના જતન માટે કેટલી જાગૃતતા ધરાવે છે ? શું તેઓ આપણાં દ્વારે આવી ઉભેલા સંકટથી પરિચિત છે ? તેઓ આ સંબંધે શું કરી રહયા છે ? આ બધા છે આપણી ચિંતાના વિષયો.

આથી જ આત્મખોજ અને મનોમંથન પૂરતા સીમિત ન રહેતા થોડાં આગળ વધી કંઈક વાસ્તવિક અને વ્યવહારુ ઉપાયોને જાણવા, સમજવા અને લોકો સુધી પહોંચાડવા ઉપરાંત તેમના સકારાત્મક પરિણામો લાવવા માટેના આશયથી અમારી સંસ્થા **ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા કોલેજ ફોર ગર્લ્સ, પોરબંદર દ્વારા તા. ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૮ (શનિવાર)ના રોજ વિદ્યાર્થીઓ માટે રાજય કક્ષાના સેમિનારનું આયોજન કરી રહયા છીએ જેમનો વિષય છે "*પર્યાવરણ - એક પુનઃ ચિંતન*"**

॥ વૃક્ષ વાવી દેવાથી પર્યાવરણનું રક્ષણ થતું નથી, તેનું જતન તો કરવું જ પડે છે. ॥